Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-34| December – January 2019

# વિકાસની દૃષ્ટિએ વિશ્વના દેશોનું વર્ગીકરણ અને ભારતીય અર્થતંત્રના લક્ષણો

## ❖ વિશ્વના દેશોનું વર્ગીકરણ

### ⇒ વિકાસની દ્રષ્ટીએ દુનિયાના દેશોનું વર્ગીકરણ




યુરોપમાં ૧૬મી થી ૧૮મી સદી સુધી સોના-ચાંદી વગેરે કિંમતી ધાતુ/નાંણાને આર્થિક વિકાસનો માપદંડ માનવામાં આવતો હતો. ત્યારબાદ ૧૮મી થી ૧૯મી સદીમાં ખેતી અને સંલગ્ન પ્રવૃત્તિ આર્થિક વિકાસનો માપદંડ માનવામાં આવતો હતો.૧૯મી સદી બાદ માથાદીઠ આવકને આર્થિક વિકાસનો માપદંડ માનવામાં આવ્યો. ભારતમાં સૌ પ્રથમ દાદાભાઈ નવરોજીએ રાષ્ટ્રીય અને માથાદીઠ આવકના અંદાજો રજુ કર્યા હતા.

**૧. રાષ્ટ્રીય આવક (GDP) ની દ્રષ્ટીએ વર્ગીકરણ:**

– કોઈ દેશની રાષ્ટ્રીય આવક ઓછી છે કે વધુ છે તેના પરથી તે દેશ વિકાસના કયા તબક્કામાં છે તે જાણી શકાય. કોઈ દેશની રાષ્ટ્રીય આવક (GDP-PPP) નીચી હોય તો તે અલ્પવિકસિત હશે, રાષ્ટ્રીય આવક મધ્યમ હોય તો તેણે મધ્યમ પ્રમાણમાં આર્થિક વિકાસ સાધ્યો હશે અને રાષ્ટ્રીય આવક તુલનાત્મક રીતે ઊંચી હશે તો તે વિકસિત દેશ હશે તેમ કહી શકાય.

– વર્ષ-૨૦૧૭ IMF મુજબ કુલ ૧૯૦ દેશોમાં ચીન પ્રથમ (૨૫.૧ T$- ટ્રીલીયન આંતરરાષ્ટ્રીય ડોલર) , અમેરિકા (૨૦.૨ T$) દ્વિતીય અને ભારત ૧0.3 T$ સાથે ત્રીજો ક્રમ ધરાવે છે. ત્યારબાદ જાપાન ૫.૫ T$ અને રશિયા ૪.૧ T$ છે.

| વર્ષ-૨૦૧૭ રાષ્ટ્રીય આવક (GDP) (PPP-સમ-ખરીદશક્તિ) | |
|---|---|
| ઉચ્ચ રાષ્ટ્રીય આવક | ચીન, USA, જાપાન, જર્મની, UK, ભારત, |
| મધ્યમ રાષ્ટ્રીય આવક | શ્રીલંકા, કેન્યા, ઘાના, નેપાળ |
| નિમ્ન રાષ્ટ્રીય આવક | મોંગોલિયા, ચાડ, નિઝર, તઝીકીસ્તાન |

– કોઈપણ દેશનો આર્થિક વિકાસ વધુ થયો છે કે ઓછો થયો છે તે અંગેનો ખ્યાલ તેની રાષ્ટ્રીય આવક પરથી આવી શકે. નીચી આવકવાળા દેશો વિકાસશીલ અને ઊંચી આવકવાળા દેશો વિકસિત ગણાય.

– કુલ રાષ્ટ્રીય આવકનો માપદંડ દેશના આર્થિક વિકાસને સાચા અર્થમાં રજૂ કરી શકતો નથી. તેના દ્વારા લોકોના જીવનધોરણનો ખરો ખ્યાલ આવી શકતો નથી. તેથી આર્થિક વિકાસને માપવા માટે માથાદીઠ આવકનો ઉપયોગ થાય છે.

**૨. માથાદીઠ આવકની દ્રષ્ટીએ વર્ગીકરણ:**

– રાષ્ટ્રીય આવક (GDP) થી આર્થિક વિકાસનું સાચું ચિત્રણ મળતું નથી તેને બદલે માથાદીઠ આવકનો ખ્યાલ રજુ થયો. કુલ રાષ્ટ્રીય આવકને વસ્તીના પ્રમાણ વડે ભાગવાથી દેશની માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે. માથાદીઠ વાસ્તવિક આવકને આધારે અલ્પવિકસિત દેશની વ્યાખ્યા નીચે પ્રમાણે આપવામાં આવે છે. (1) સંયુક્ત રાષ્ટ્રસંઘના નિષ્ણાતો : યુ.એસ.એ., કેનેડા, ઓસ્ટ્રેલિયા અને પશ્ચિમ યુરોપના દેશોની માથાદીઠ વાસ્તવિક આવક સાથે સરખાવતાં જે દેશની

માથાદીઠ વાસ્તવિક આવક નીચી હોય તેને અલ્પવિકસિત દેશ કહી શકાય. (2) બેન્જામીન હિગિન્સ : સામાન્ય રીતે જે દેશોની માથાદીઠ આવક યુ.એસ.એ.ની માથાદીઠ આવકના ચોથા ભાગ કરતાં ઓછી હોય તે દેશો અલ્પવિકસિત દેશો છે.

– વર્ષ-૨૦૧૮ વિશ્વ બેન્ક અનુસાર માથાદીઠ આવકને ધ્યાને લેતા નીચે મુજબ ચાર વર્ગ પડે છે. કુલ ૧૮૩ દેશોમાં માથાદીઠ આવક (Per Capita GDP-PPP) મુજબ ભારત ૧૮૨૦ $ માથાદીઠ આવક સાથે ૧૪૦ માં ક્રમે આવે છે.

– વર્ષ-૨૦૧૮ વિશ્વ બેન્ક વર્ષ-૨૦૧૮ માથાદીઠ આવક (Per Capita GDP) (PPP-સમ-ખરીદશક્તિ) અનુસાર વર્ગીકરણ

| | |
|---|---|
| ઉચ્ચ માથાદીઠ આવક (12236 $ કે તેથી વધુ) | કતાર, લકઝમ્બર, સિંગાપોર, કુવૈત, નોર્વે, USA, જાપાન, જર્મની, UK |
| ઉચ્ચ-મધ્યમ આવક (3956 to 12235 $) | તુર્કી, મલેશિયા, રશિયા, ચીન |
| નિમ્ન-મધ્યમ માથાદીઠ આવક (1006 $ to 3955 $) | શ્રીલંકા, ભૂતાન, ફિલીપીન્સમાં, ભારત, પાકિસ્તાન |
| નિમ્ન માથાદીઠ આવક (1005 $ કે તેથી ઓછી) | ઝિમ્બાબ્વે, ઇથોપિયા, અફગાનિસ્તાન, નિઝર |

**૩. જીવનધોરણના પાયા પર વર્ગીકરણ**

– દેશમાં જેટલા પ્રમાણમાં ચીજવસ્તુઓ અને સેવાઓ મળે તેટલા પ્રમાણમાં લોકોનું જીવનધોરણ ઊંચું આવે. પૂરતો અને પૌષ્ટિક ખોરાક, પૂરતાં કપડાં, રહેવા માટેના મકાનની યોગ્ય સગવડ, શિક્ષણ, તબીબી સારવાર, મનોરંજન, મુસાફરી વગેરે વગેરેનો જીવનધોરણમાં સમાવેશ થાય છે. વળી, આ વસ્તુઓ અને સેવાઓ વાજબી ભાવે સરળતાથી મળી શકે એ બાબત પણ જીવનધોરણ પર અસર કરે છે.

– જે દેશોમાં આ વસ્તુઓ અને સેવાઓનો વપરાશ વધુ જોવા મળે ત્યાં જીવનધોરણ ઊંચું (વિકસિત દેશો) કહી શકાય. જે દેશોમાં તેમના વપરાશનું પ્રમાણ નીચું ત્યાં લોકોનું જીવનધોરણ નીચું (અલ્પવિકસિત દેશો) કહી શકાય.

**૪. જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (PQLI)ના આધારે વર્ગીકરણ** :

– માથાદીઠ આવક વધે પરંતુ તેની અસમાન વહેચણી (ધનિક વધુ ધનિક અને ગરીબ વધુ ગરીબ) થાય તો લોકોની આર્થિક સ્થિતિ સુધરી કહેવાય નહી. આના ઉકેલના ભાગરૂપે જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (PQLI)નો ઉદભવ થયો. ૧૯૭૮-૭૯માં "**ડેવિડ મોરીસ**" દ્વારા PQLIનો ખ્યાલ રજુ થયો.

– તેમાં ત્રણ ઘટકોનો સમાવેશ થાય છે. (૧) સરેરાશ આયુષ્ય (૨) શિક્ષણ (૩) બાળ મૃત્યુદર

| | |
|---|---|
| ઉચ્ચ PQLI | ફિનલેન્ડ, ડેન્માર્ક, ઓસ્ટ્રેલીયા, સ્વીત્ઝરલેન્ડ |
| મધ્યમ PQLI | ઇઝરાયલ, જાપાન, ગ્રીસ |
| નિમ્ન PQLI | ભારત, બ્રાઝીલ, ચીન, પાકિસ્તાન |

**૫. માનવ વિકાસ (HDI) ના આધારે વર્ગીકરણ** :

– માનવ વિકાસ આંક (HDI) એ અપેક્ષિત આયુષ્ય, શિક્ષણ અને માથાદીઠ આવકના સૂચકાંકોનું સંયુક્ત માપ છે. જેમ HDI વધુ તેમ દેશ વધુ વિકસિત અને જેમ HDI ઓછો તેમ દેશ પછાત. HDIનો ખ્યાલ પાકિસ્તાનના

| HDI-2016 | |
|---|---|
| ખુબ ઉચ્ચ HDI | નોર્વે, ઓસ્ટ્રેલીયા, સ્વીત્ઝરલેન્ડ,જર્મની |
| ઉચ્ચ HDI | ઉરુગ્વે, શ્રીલંકા, ઈરાન, બ્રાઝીલ, ચીન |
| મધ્યમ HDI | ઇન્ડોનેશિયા,ફિલીપીન્સ, ભારત, ભૂતાન |
| નિમ્ન HDI | ઝિમ્બાબ્વે,અફગાનિસ્તાન, ઇથોપિયા, નિઝર,ચાડ |

| | |
|---|---|
|  અમર્ત્ય કુમાર સેન (ભારત) |  મહેબુબ ઉલ હક (પાકિસ્તાન) |

અર્થશાસ્ત્રી **મહેબુબ ઉલ હક** અને ભારતીય અર્થશાસ્ત્રી **અમર્ત્ય સેન** દ્વારા વિકસાવવામાં આવ્યો. ત્યારબાદ ૧૯૯૨મ યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) દ્વારા દેશના વિકાસને માપવા માટે HDIનો ઉપયોગ કરવામાં આવ્યો.

– તેમાં ત્રણ ઘટકોનો સમાવેશ થાય છે (૧) અપેક્ષિત આયુષ્ય (૨) શિક્ષણ (૩) માથાદીઠ આવક.

– હાલમાં વિકાસનો સૌથી વધુ સ્વીકાર્ય માપદંડ HDI છે. માનવ વિકાસ રીપોર્ટ-2016 મુજબ કુલ ૧૮૮ દેશોમાં ભારતનો ક્રમ-૧૩૧ (HDI 0.624) છે.

**૬. દેશના અર્થતંત્રનું સ્વરૂપના આધારે વર્ગીકરણ :**

– અર્થતંત્રનું સ્વરૂપના આધારે દુનિયાના દેશોને ચાર વિભાગમાં વહેંચવામાં આવે છે. તેથી તેને ચતુર્વર્ગીય વર્ગીકરણ પણ કહે છે.

(1) પ્રથમ વિશ્વના દેશો : એવા દેશો કે જે મૂડીવાદી અને બજાર-અર્થતંત્ર ધરાવે છે. તેમની માથાદીઠ આવક ઘણી ઊંચી છે, લોકોનું જીવનધોરણ ઉચ્ચ કક્ષાનું હોય છે. તેમાં વિકસિત દેશોનો સમાવેશ થાય છે. જેમ કે, યુ. એસ. એ., યુ. કે., જાપાન વગેરે.

(2) બીજા વિશ્વના દેશો : એવા દેશો કે જે સામ્યવાદી છે અને બિનબજાર અર્થતંત્ર ધરાવે છે. જો કે બજાર અર્થતંત્રના કેટલાક અંશો જોવા મળે છે. આ દેશોના લોકોનું જીવનધોરણ પણ ઊંચું જોવા મળે છે. જો કે તે મૂડીવાદી દેશો જેટલું ઉચ્ચ કક્ષાનું નથી હોતું. આ દેશોનો સમાવેશ પણ વિકસિત દેશોમાં થઈ શકે. આ રીતે જોતાં ઝેકોસ્લોવેકિયા, યુગોસ્લાવિયા વગેરે દેશો બીજા વિશ્વના દેશો ગણાય.

(3) ત્રીજા વિશ્વના દેશો : એવા દેશો કે જેમની માથાદીઠ આવક વિકસિત દેશોની તુલનામાં ઘણી નીચી જોવા મળે છે. લોકોનું જીવનધોરણ વિકસિત દેશોના લોકોના જીવનધોરણ કરતાં નીચું જણાય છે. તેમાં ગરીબીનું પ્રમાણ વધુ હોય છે. આ દેશોને અલ્પવિકસિત કહી શકાય. જેમ કે, ભારત, એશિયાના અન્ય દેશો (જાપાન સિવાય), આફ્રિકા તથા લેટિન અમેરિકાના દેશો.

(4) ચોથા વિશ્વના દેશો : એવા દેશો કે જેમની માથાદીઠ આવક સૌથી નીચી જણાય છે. ત્યાંના લોકોનું જીવનધોરણ અન્ય દેશોની તુલનામાં સૌથી નીચું જણાય છે તેમાં ગરીબીનું પ્રમાણ ઘણું વધુ હોય છે. આ દેશો આર્થિક રીતે પછાત જણાય છે. આ દૃષ્ટિએ જોતાં નેપાળ, બાંગ્લાદેશ, ઇથોપિયા, ચાડ વગેરે દેશોને ચોથા વિશ્વના દેશો ગણી શકાય.

**ભારતીય અર્થતંત્રના લક્ષણો:**

ભારત નીચી માથાદીઠ આવક ધરાવતો વિકાસશીલ દેશ છે. દેશની ૧/૪ વસ્તી પછાત સ્થિતિમાં જીવન જીવે છે. દેશમાં એક બાજુ દેશમાં ગરીબી છે તો બીજી બાજુ વણ-વપરાયેલા સંસાધનો છે. આમ, વિકાસશીલ દેશ તરીકે ભારતીય અર્થતંત્રના વિવધ લક્ષણો જોવા મળે છે.

1) **નીચી માથાદીઠ આવક :**

દેશમાં વસ્તીનું પ્રમાણ વધુ છે તેમજ દેશમાં વસ્તીવૃદ્ધિનો દર પણ ઊંચો રહ્યો છે તેથી માથાદીઠ આવક નીચી જોવા મળે છે. દેશની ભારતમાં 1950-'51માં (2004-05 ભાવોએ) માથાદીઠ આવક Rs. 7,114 હતી તે 2011-12માં Rs. 37,851 જેટલી થઈ. વિશ્વના અન્ય વિકસીત દેશોની તુલનામાં ભારતની માથાદીઠ આવક ઘણી નીચી છે.

**2) મુખ્ય વ્યવસાય ખેતી** :

દેશમાં મોટા ભાગના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. અર્થતંત્રમાં ખેતી પ્રધાન વ્યવસાયિક માળખું જોવા મળે છે. આઝાદીથી લઈને અત્યાર સુધીમાં દેશમાં રાષ્ટ્રીય આવક (GDP) માં ખેતીક્ષેત્રનો હિસ્સો કે ફાળો ઘટતો ગયો છે અને ઉદ્યોગક્ષેત્ર તથા સેવાક્ષેત્રનો ફાળો વધ્યો છે. આમ, છતાં હાલમાં ખેતી અને તેને સંલગ્ન ક્ષેત્રમાંથી ૫૫-૬૦ % લોકોને રોજગારી મળે છે અને ૧૫-૧૬ % જેટલો રાષ્ટ્રીય આવકનો હિસ્સો મળે છે. આમ, ભારતીય અર્થતંત્ર ખેતી પ્રધાન (પ્રાથમિક ક્ષેત્ર આધારિત) છે.

**3) નીચો માનવ વિકાસ આંક** :

દેશના લોકોની આર્થિક-સામાજિક સ્થિતિનું સાચું ચિત્રણ મળવવા માટે માનવ વિકાસ આંકનો ખ્યાલ ઉપયોગી છે. વિકસિત દેશોની તુલનામાં ભારતમાં માનવ વિકાસ આંક (Human Development Index - HDI) ઘણો નીચો જોવા મળે છે. 2011માં ભારતનો HDI 0.547 હતો, આ સૂચકઆંકના સંદર્ભમાં દુનિયાના 187 દેશોમાં ભારતનો ક્રમ 134મો હતો.

**4) દ્વિમુખી અર્થતંત્ર** :

દ્વિમુખી અર્થતંત્ર એટલે એવા પ્રકારનું અર્થતંત્ર કે જેમાં પરંપરાગત અને આધુનિક વિભાગો સાથે કામ કરતા હોય. ઉદાહરણ તરીકે ભારતમાં ખેતીક્ષેત્રે આધુનિક અને પરંપરાગત એમ બંને પ્રકારની ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ થાય છે. આ ઉપરાંત સંગઠીત તેમજ અસંગઠિત ક્ષેત્ર જોવા મળે છે.

**5) મિશ્ર અર્થતંત્ર દ્વારા આર્થિક વિકાસ** :

જે અર્થતંત્રમાં જાહેર અને ખાનગી ક્ષેત્રોનું સહઅસ્તિત્વ હોય અને જેનો હેતુ ઝડપી આર્થિક વિકાસ સાથે સમાન વહેંચણીનો હોય તેને મિશ્ર અર્થતંત્ર કહેવાય. ખાનગી ક્ષેત્રમાં ભાવનિર્ધારણ બજારતંત્ર દ્વારા થાય છે. તો જાહેર ક્ષેત્રમાં ભાવનિર્ધારણ વિશિષ્ટ રીતે થાય છે અને તેમાં નફા કરતાં સામાજિક કલ્યાણને વિશેષ મહત્વ અપાય છે. ભારતમાં આર્થિક વિકાસ સાધવા માટે મિશ્ર અર્થતંત્રની વ્યવસ્થા અપનાવવામાં આવેલ છે.

**6) અતિ વસ્તી** :

જન્મદરમાં વધારો અને મૃત્યુદરમાં ઘટાડો થવાને લીધે દેશમાં વસ્તીનું પ્રમાણ સતત વધતું જાય છે. દેશમાં અતિ વસ્તીની સમસ્યા જોવા મળે છે. ૧૯૧૧-૨૦ દરમ્યાન પ્રતિ હજાર લોકોએ મૃત્યુદર ૪૯ હતો જે હાલમાં ૬-૭ છે અને પ્રતિ હજાર લોકોએ જન્મદર ૪૯ હતો જે હાલમાં ૧૭-૧૮ થયો છે. આમ, અતિ વસ્તી અને ઊંચો વસ્તી વૃદ્ધિ દર એ દેશના અર્થતંત્રની એક લાક્ષણીકતા છે.

**7) માળખાગત અને અર્ધ બેરોજગારી** :

દેશમાં અતિ વસ્તીના કારણે રોજગારીની તકો ઓછી જોવા મળે છે. દેશમાં મોટા પ્રમાણમાં અર્ધ બેરોજગારી અને બેરોજગારી પ્રવર્તમાન છે. વળી, વિકસિત દેશોની તુલનામાં ભારતમાં જોવા મળતી બેરોજગારી એ કાયમી/લાંબાગાળાની છે, જેને માળખાગત બેરોજગારી તરીકે ઓળખવામાં આવે છે. વળી, દેશમાં ખેતીમાં જરૂરિયાત કરતા પણ વધુ પ્રમાણમાં લોકો કામ કરે છે જેને છુપી કે પ્રચ્છન્ન બેરોજગારી કહેવાય છે. ગ્રામીણ ક્ષેત્રે આવી પ્રચ્છન્ન બેરોજગારી વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. બીજી બાજુ શહેરી ક્ષેત્રે શિક્ષિત બેરોજગારી કે અર્ધ બેકારી જોવા મળે છે.

**8) બચત અને મૂડી રોકાણ દરમાં વૃદ્ધિ** :

૧૯૫૦, ૧૯૬૦ અને ૧૯૭૦ ના દાયકાઓમાં દેશમાં મૂડીની અછત હતી તેમજ મૂડીરોકાણ દર નીચો હતો. જો કે ત્યારબાદના વર્ષોમાં દેશમાં બચત અને મૂડીરોકાણમાં નોંધપાત્ર અને સ્થિર દરે વધારો થયો છે. જેમ, મૂડીરોકાણ વધુ થાય તેમ અર્થતંત્રનો વિકાસ ઝડપી થાય છે અને લોકોના જીવન ધોરણમાં સુધારો થાય છે.

**9) આવક/સંપત્તિની વહેંચણીમાં અસમાનતા :**

દેશમાં આવક અને સંપત્તિની વહેંચણી અન્યાયી જોવા મળે છે એટલે કે દેશની રાષ્ટ્રીય આવકનો મોટો હિસ્સો સમાજના અમુક જ % લોકો (ધનિક વર્ગ) પાસે જાય છે અને રાષ્ટ્રીય આવકનો મોટો હિસ્સો સમાજના વિશાળ વર્ગ (ગરીબ/મધ્યમ વર્ગ) પાસે જાય છે.

**10) નીચું જીવન ધોરણ :**

દેશમાં હજુ પણ ૨૦-૨૨ % લોકો ગરીબી રેખા હેઠળ જીવે છે જેમને પુરતો ખોરાક મળતો નથી. વિકસિત દેશોની તુલનામાં દેશના લોકોનો આહાર બિન પોષણયુક્ત જોવા મળે છે. વર્લ્ડ ડેવલપમેન્ટ ઈન્ડીકેટર્સ અનુસાર ભારતના ૩૫-૪૦% બાળકો અપૂરતા પોષણવાળા જોવા મળે છે. માત્ર ૫૦-૫૫% લોકોને સ્વચ્છ પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે. ઉપરાંત ૨૫-૩૦% લોકો પાસે પાક્કા મકાન નથી આમ, દેશમાં ખોરાક, રહેઠાણ, આરોગ્ય વગેરેની દ્રષ્ટીએ લોકોનું સરેરાશ જીવન ધોરણ પ્રમાણમાં નીચું જોવા મળે છે.

**11) વસ્તી વિષયક લક્ષણો :**

દેશમાં વસ્તી વધવાને લીધે વસ્તી ગીચતા જોવા વળે છે જેમાંથી રહેઠાણની સમસ્યા સર્જાઈ છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં વસ્તી ગીચતા ખુબ વધુ છે. જેમ કે, દિલ્લી, બોમ્બે, બેંગ્લોર વગેરે. તેવી જ રીતે દેશની વસ્તીના વય જૂથ માળખામાં બાળકો અને યુવા વર્ગની વસ્તી વધુ જ્યારે વૃદ્ધોની વસ્તી ઓછી જોવા મળે છે, આથી જ ભારતને ‘યુવોઓનો દેશ’ પણ કહે છે.

**12) આર્થિક આયોજન દ્વારા વિકાસ :**

ભારતમાં આર્થિક આયોજન મૂડીવાદી આર્થિક માળખાને અનુરૂપ બને એ રીતે અમલમાં મૂકવામાં આવ્યું છે. ભારતમાં આર્થિક આયોજનના અમલને લીધે સ્થિરતા સાથે આર્થિક વિકાસ શક્ય બન્યો છે. જો કે દેશમાં આર્થિક અસમાનતા ઘટી શકી નથી. પરંતુ આર્થિક રીતે નબળા વર્ગ માટે કેટલીક કલ્યાણકારી યોજનાઓને લીધે આર્થિક સ્થિતિ સુધારવા માટે પ્રયાસો થાય છે.

**13) વિદેશ વેપાર સંબધિત લક્ષણો :**

દેશમાં ઉદ્યોગીકરણને વેગ મળતાં મૂડી/યંત્રો/મશીનરીની આયાતો વધી. કેટલીક આયાતો ઉદ્યોગોના વિકાસ માટે અનિવાર્ય બની. તેની સામે નિકાસો ઘટી છે. કારણ કે આર્થિક વિકાસ થતાં આવક વધી છે તેથી વપરાશનું પ્રમાણ વધ્યું છે. પરિણામે નિકાસો ઘટે છે. આમ, દેશની લેણદેણની તુલામાં સતત ખાધ જણાય છે.

દેશમાં છેલ્લાં 20 વર્ષના ગાળામાં દેશની આર્થિક કાયાપલટ કરવામાં ખરેખર અસાધારણ સફળતા મળી છે. તેથી તેના પરિણામે આજે દેશ અલ્પવિકસિત અવસ્થામાંથી બહાર નીકળીને એક વિકાસમાન દેશ તરીકેની ક્ષમતા પ્રાપ્ત કરી છે. એટલું જ નહીં પરંતુ વિશ્વના વિકસિત દેશોની હરોળમાં પહોંચવા માટે ઘણી નવી તકો ઉપલબ્ધ થઇ છે.

## સંદર્ભ સૂચી


I. Business Environment (Jain Vishva Bharati Institute, Ladnun)
II. ડૉ.ત્રિવેદી વંદના જી. અને અન્ય, ભારતીય અર્થતંત્ર: ગર્ગ પબ્લિકેશન્સ, અમદાવાદ.
III. પ્રો.પટેલ બબાભાઈ એસ. અને પ્રા.ભટ્ટ કાર્તિકેય એ., સી. જમનાદાસની કંપની, અમદાવાદ.
IV. Tandon - Indian Economy.
V. Dhar P.K., Indian Economy.
VI. Agrawal A.N., Problems of Development & Planning.
VII. Memoria C.B. Agricultural Problems of India, Kitab Mahal Publication. Kitab mahal,New Dehli.

VIII. Dr. Datir R.K. And others Bharatiya Arthvyavastha- 5th Edition 2012, Nirali prakashan Pune.
IX. Jalan B.,The Indian Economy Problem and prospectus, Viking, New Dehli.
X. Planning Commission (2007), Eleven Five Year Plan (2007-12).
XI. Govt. of India – Economic Survey.
XII. World Bank – World Development Report.
XIII. Census of India (2001), Census of India (2011)
XIV. C.S.O & National Account Statistics.
XV. ડૉ.શાહ હેમન્ત, ભારતીય અર્થતંત્ર, નીરવ પ્રકાશન, અમદાવાદ.
XVI. ડૉ.પટેલ પ્રકાશ, ભારતીય અર્થતંત્ર-૨, ગર્ગ પબ્લિકેશન્સ, અમદાવાદ.
XVII. ડૉ.શાહ હેમન્ત અને શાહ આત્મન, ભારતીય અર્થતંત્ર, વેદવ્યાસ વિદ્યાપીઠ, અમદાવાદ.
XVIII. પ્રિ.જોશી આર.સી. અને અન્ય,ભારતીય અર્થતંત્ર, પોપ્યુલર પ્રકાશન, સુરત.
XIX. વિકાસપીડીયા
XX. કૃષિ અર્થશાસ્ત્ર, ભારત પ્રકાશન, અમદાવાદ.
XXI. https://www.census.gov


**********************************************************************************************


**Dilipkumar A. Ode**
Ph.D. Research Scholar
Veer Narmad South Gujarat University
Surat


Copyright © 2012 – 2019 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat